## (1) ઈસરોના શુક્ર મિશનના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચાં છે ?

(1) ઈસરો દ્વારા વર્ષ 2025માં શુક્ર મિશન લોન્ચ કરવામાં આવશે.

(2) ઈસરોના શુક્ર મિશન માટે ભારત દ્વારા રશિયા સાથે ભાગીદારી કરવામાં આવી છે.

(3) શુક્ર ગ્રહ પર ફોસ્ફીન ગેસ ઉપલબ્ધ છે તથા શુક્રને કોઈપણ ચંદ્ર નથી.

(A) માત્ર (1) અને (2) (B) માત્ર (2) અને (3)

(C) માત્ર (1) અને (3) (D) આપેલ તમામ

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં ફ્રાંસની અંતરિક્ષ એજન્સી દ્વારા ઘોષણા કરવામાં આવી હતી કે તેઓ ઈસરોના વીનસ મિશન, શુક્રયાનમાં ભાગ લેશે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ આ મિશનને વર્ષ 2025માં લોન્ચ કરવામાં આવશે.

⇛ સપ્ટેમ્બર, 2020માં આંતરરાષ્ટ્રીય ખગોળશાસ્ત્રીઓની એક ટીમ દ્વારા શુક્રના વાતાવરણમાં ફોસ્ફીન ગેસની ઉપસ્થિતિની ખોજ કરી હતી.

⇛ ફોસ્ફીન એક રંગહીન ગેસ છે. તે વધુ પ્રતિક્રિયાશીલ અને જવલનશીલ છે.

⇛ શુક્ર એ સૌરમંડળનો સૌથી ગરમ ગ્રહ છે. તેની ચારે તરફ કોઈ ચંદ્ર કે વલય જોવા મળતા નથી.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) રેબીઝ/ હડકવા રોગના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચા છે ?

(1) રેબીઝ/હડકવા એ વાયરસજન્ય રોગ છે.
(2) રેબીઝ એ પ્રાણીઓથી મનુષ્યમાં ફેલાતો રોગ છે.
(3) વર્ષ 2020ના વિશ્વ રેબીઝ દિવસની થીમ એ 'End Rabies : Collaborate, Vaccinate" રાખવામાં આવી હતી.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (1) અને (3)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ રેબીઝ/હડકવા અને તેને રોકવા બાબતે જાગૃતિ વધારવા પ્રતિ વર્ષ 28 સપ્ટેમ્બરના રોજ "વિશ્વ રેબીઝ દિવસ"ના રૂપમાં મનાવવામાં આવે છે.

⇛ આ દિવસ ફ્રાંસના પ્રસિદ્ધ જીવવિજ્ઞાની લુઈ પાશ્ચરની પુણ્યતિથિના અવસર પર 28 સપ્ટેમ્બરના રોજ મનાવવામાં આવે છે, જેમણે પ્રથમ હડકવાની રસી વિકસિત કરી હતી.

⇛ વર્ષ 2020ના આ દિવસની થીમ "End Rabies : Collaborate, Vaccinate" રાખવામાં આવી હતી.

⇛ આ વાયરસજન્ય રોગ છે જેના વાયરસ કુતરા, બિલાડી, વાંદરા અને અન્યની લાળમાં હોય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (3) નીચેનામાંથી કયાં સંગઠનોની સ્થાપના ભગતસિંહ દ્વારા કરવામાં આવી હતી ?

(1) નૌજવાન ભારત સભા

(2) લાહોર છાત્ર સંઘ

(3) હિન્દુસ્તાન રિપબ્લિક એસોસિશેન

(A) માત્ર (1) અને (2)

(B) માત્ર (2) અને (3)

(C) માત્ર (1) અને (3)

(D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં 28 સપ્ટેમ્બરના રોજ શહીદે આઝમ ભગતસિંહની 113મી જયંતી મનાવવામાં આવી હતી.

⇛ પ્રારંભમાં આઝાદીની લડાઈ વખતે તેમણે મહાત્મા ગાંધી અને અસહયોગ આંદોલનનું સમર્થન કર્યું હતું, જ્યારે ગાંધી દ્વારા ચૌરી ચોરાની ઘટના બની, ત્યારબાદ આ આંદોલન તેમણે પાછું લીધુ હતું, જેના કારણે ભગતસિંહે રાષ્ટ્રવાદી ક્રાંતિકારીનો માર્ગ અપનાવ્યો હતો.

⇛ વર્ષ 1924માં તેઓ હિન્દુસ્તાન રિપબ્લિક એસોસિયેશનના સદસ્ય બન્યા હતા. જેની શરૂઆત સચિન્દ્ર સાનયાલ દ્વારા કરવામાં આવી હતી. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ વર્ષ 1925માં તેમના દ્વારા ઉગ્રવાદી યુવા સંગઠન નૌજવાન ભારત સભાની શરૂઆત કરી હતી.

⇛ ભગતસિંહ, સુખદેવ અને અન્ય છાત્રો વચ્ચે ખુલ્લા, કાનૂની કાર્યો માટે લાહૌર છાત્ર સંઘની શરૂઆત પણ તેમના દ્વારા કરવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(4) 'આંબેડકર સોશ્યલ ઈનોવેશન એન્ડ ઈન્ક્યુબેશન મિશન' સંદર્ભે નીચેનામાંથી સાચાં વિધાનો સાચા છે ?**

(1) તેના અંતર્ગત અનુસુચિત જાતિ (SC)ના 10000 યુવાનોને સ્ટાર્ટ–અપ આધારિત વિચારો સાથે ઓળખવામાં આવશે.

(2) અનુસુચિત જાતિ (SC)ના યુવાનોને મિશન અંતર્ગત 30 લાખ રૂપિયાનું ભંડોળ આપવામાં આવશે.

(3) યુવાનોને મિશન સફળ થાય તો તેઓ આગળ 5 કરોડ રૂપિયા સુધીના સાહસ ભંડોળ માટે લાયક બનશે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (1) અને (3)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ 30 સપ્ટેમ્બર, 2020ના રોજ, ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ કરતા અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓમાં નવીનતા અને સાહસને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યમાં વેન્ચર કેપિટલ ફંડ અંતર્ગત કેન્દ્રીય સામાજિક ન્યાય અને સશકિતકરણ મંત્રી દ્વારા, આંબેડકર સોશ્યલ ઈનોવેશન અને ઈન્ક્યુબેશન મિશનની શરૂઆત કરવામાં આવી હતી.

⇛ આ પહેલ અંતર્ગત દેશના વિવિધ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં ટેકનોલોજી બિઝનેસ ઈન્ક્યુબેટર્સના માધ્યમથી આગામી ચાર વર્ષમાં 1000 અનુસૂચિત જાતિ (SC)ના યુવાનોને સ્ટાર્ટ–અપ આધારિત વિચારો સાથે ઓળખવામાં આવશે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ જે પછી તેમને ઈકિવટી ફંડિંગ તરીકે 3 વર્ષમાં લાખ રૂપિયાનું ભંડોળ આપવામાં આવશે જેથી તેઓ તેમના પ્રારંભિક સ્ટાર્ટ–અપના વિચારને વ્યવસાયિક સાહસમાં રૂપાંતરિત કરી શકે.

⇛ સફળ સાહસ માટેના આગળના ભંડોળ માટે, તેઓ 'અનુસુચિત જાતિ માટેના વેન્ચર કેપિટલ ફંડ' માંથી 5 કરોડ રૂપિયા સુધીના સાહસ ભંડોળ માટે લાયક બનશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

(5) વૃદ્ધ વ્યકિતઓના આંતરરાષ્ટ્રીય દિવસના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચા છે ?

(1) આ દિવસનું આયોજન પ્રત્યેક વર્ષે 1 ઓકટોબરના રોજ કરવામાં આવે છે.

(2) આ દિવસની ઉજવણી સંયુકત રાષ્ટ્ર દ્વારા કરવામાં આવે છે.

(3) વર્ષ 2020ના આ દિવસની થીમ ‘રોગચાળો : શું વૃદ્ધ લોકો પીડિત વય અને વૃદ્ધાવસ્થામાં પરિવર્તન માટે તૈયાર છે’ રાખવામાં આવી હતી.

(A) માત્ર (1) અને (2)　(B) માત્ર (2) અને (3)

(C) માત્ર (1) અને (3)　(D) આપેલ તમામ

⇛ જવાબ :- D

**સમજૂતી :**

⇛ દર વર્ષે 1 ઓકટોબરે, ‘વૃદ્ધ વ્યકિતનો આંતરરાષ્ટ્રીય દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

⇛ આ દિવસનો હેતુ વૃદ્ધાવસ્થાના પ્રભાવ વિશે જાગૃતિ ફેલાવવાનો છે અને વૃદ્ધ લોકોને માટે ગૌરવ સાથે જીવન જીવા માટેની તક પૂરી પાડવાનો છે.

⇛ વર્ષ 2020ના ‘આંતરરાષ્ટ્રીય દિવસના વૃદ્ધ વ્યકિત’ની થીમ ‘રોગચાળો : શું વૃદ્ધ લોકો પીડિત વય અને વૃદ્ધાવસ્થામાં પરિવર્તન માટે તૈયાર છે.’

⇛ 14 ડિસેમ્બર 1990ના રોજ, યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલી (ઠરાવ 45/106) દ્વારા 1 ઓકટોબરને ‘વૃદ્ધ વ્યકિતઓના આંતરરાષ્ટ્રીય દિવસ’ તરીકે નિયુકત કરવામાં આવ્યો હતો.

⇛ 1991માં સંયુકત રાષ્ટ્રની મહાસભા (ઠરાવ 46/91) દ્વારા વૃદ્ધ વ્યકિતઓ માટે સંયુકત રાષ્ટ્રના સિદ્ધાંતો અપનાવ્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM

t.me/icerajkotofficial

YouTube

ICE RAJKOT

Instagram

ICE RAJKOT

Facebook

*like* | *comment* | *share*

ICE RAJKOT

twitter

ICE RAJKOT